# બંધારણીય નૈતિકતા અને રાષ્ટ્રનિર્માણમાં ડૉ. આંબેડકરની વૈચારિક ભૂમિકા

જીતેન્દ્ર વસાવા ડૉ.
રીસર્ચ સ્કોલર
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ
વી.એન.એસ.જી.યુ., સુરત

શ્રીધર નિમાવત
આસી. પ્રોફેસર
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ
વી.એન.એસ.જી.યુ., સુરત

## સારાંશ

બંધારણીય નૈતિકતા એ એવા મુલ્યો છે જે રાજ્યશક્તિ, લોકશાહી પ્રક્રિયા અને નાગરિક અધિકારોને નૈતિક દિશા આપે છે. ભારતીય બંધારણના મુખ્ય શિલ્પી ડૉ. બી. આર. આંબેડકરના વિચારોમાં આ નૈતિકતા માત્ર શાસનનું સાધન નથી, પરંતુ એક ન્યાયસંગત, માનવકેન્દ્રિત અને સર્વસમાવેશક રાષ્ટ્રની રચનાનું આધારસ્તંભ છે. આ સંશોધન ડૉ. આંબેડકરની બંધારણીય નૈતિકતા સંબંધિત કલ્પનાઓ અને તે કેવી રીતે રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયાને મજબૂત કરે છે તેની વિશ્લેષણાત્મક સમીક્ષા કરે છે.

## પરિચય

ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે બંધારણ માત્ર કાયદાકીય દસ્તાવેજ નથી, પરંતુ તે એક એવું માર્ગદર્શક દસ્તાવેજ છે, જે રાષ્ટ્રના નૈતિક, સામાજિક અને રાજકીય સ્વરૂપને નિર્ધારીત કરવામાં સિંહફાળો આપે છે. ડૉ. બી. આર. આંબેડકરનું માનવું હતું કે બંધારણની સફળતા લોકોની નૈતિક પ્રતિબદ્ધતા અને લોકશાહી પ્રત્યેની શ્રદ્ધા પર આધારિત છે. તેમના મતે "બંધારણીય નૈતિકતા" એ એવો ગુણધર્મ છે, જે શાસકોને સત્તાના દુરૂપયોગથી રોકે છે અને નાગરિકોને સત્વ, સમાનતા અને જવાબદારી તરફ દોરી જાય છે. આ લેખમાં દર્શાવવામાં આવ્યું છે કે આંબેડકરના વિચારો ભારતીય રાષ્ટ્રનિર્માણ માટે કેવી રીતે માર્ગદર્શક સાબિત થાય છે.

૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭ ના રોજ દેશ સ્વતંત્ર બન્યો તે સમયે તેની પાસે બંધારણ નહોતું, અને આ બંધારણની રચના કરવાની જવાબદારી ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિરે મુકવામાં આવી હતી. ઘણાં લોકો ડૉ. બી.આર. આંબેડકરને ભારતીય બંધારણના ઘડવૈયા અથવા દલિત નેતા મને છે. પરંતુ ડૉ. આંબેડકરની બહુમુખી પ્રતિભા અને ભૂમિકાને જોતા આંબેડકરને માત્ર ભારતીય સંવિધાનના શિલ્પી અથવા દલિત મુક્તિના પ્રતિક તરીકે જોવું પુરતું નથી. તેમની વિચાર પ્રક્રિયા અને કાર્યોના સ્વપ્નદ્રષ્ટા પાસાઓ તેમની અસંખ્ય પ્રવૃત્તિઓમાં પ્રતિબિંબિત થાય છે, જેના આધારે તેઓ એક દ્રષ્ટાવાન અને આધુનિક ભારતના મજબુત પાયા નાખવામાં અગત્યનું યોગદાન આપનાર રાજનેતા તરીકે ગણાવી શકાય છે. આજે ભારત દેશ જે સર્વસમાવેશક લોકશાહી, સ્વતંત્ર ન્યાયવ્યવસ્થા અને મજબુત સંસ્થાઓ પર ઉભું છે, તેનું શ્રેય મોટાભાગે આંબેડકરની દુરંદેશી વૈચારિક દ્રષ્ટિને જાય છે. આંબેડકરની જીવનયાત્રા પર નજર કરીએ તો આંબેડકરનું જીવન સમાજની મુખ્ય ધારામાંથી બહાર ઠેલાયેલા વર્ગોને મુખ્ય ધારામાં લાવવા માટેની સતત લડાઈમાં રચ્યુપચ્યું રહ્યું છે. સંવિધાનિક જોગવાઈઓ, અનામત નીતિઓ અને

તેમના પ્રચંડ બૌદ્ધિક લખાણો દ્વારા તેમણે જાતી આધારિત ભેદભાવને નાબુદ કરવાની દિશામાં ક્રાંતિકારી પ્રયાસો કર્યા હતા.

બંધારણના સ્થાપકો માટે સૌથી મોટો પડકાર એ હતો કે વિશાળ દેશની વિશિષ્ટતાઓ, ભાષાઓ, ધાર્મિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા સાથે એક સક્ષમ શાસન વ્યવસ્થા ઉભી કરવી. છેલ્લાં ૭૫ વર્ષોમાં, આપણે એક સમાવિષ્ટ અને સફળ સંસદીય લોકશાહી, સ્વતંત્ર ન્યાયતંત્ર અને ચૂંટણી પંચ, ▯▯▯ અને અન્ય કેન્દ્રીય કમીશન જેવી મજબુત બંધારણીય સંસ્થાઓ સ્થાપિત કરી છે જે આપણી રાજનીતિ અને વ્યવસ્થાઓને ટકાવી રાખવા અને ટેકો આપવા માટે છે. સ્વતંત્રતા પછી ભારતની સફરમાં ઘણી સફળતાઓ જોવા મળી છે, જેનો શ્રેય ડૉ. આંબેડકરને જાય છે.

ડૉ. આંબેડકરનું “ધ પ્રોબ્લેમ ઓફ ધ રૂપી” એ ૧૯૩૪માં ▯▯▯ અધિનિયમએ આકાર આપ્યો. મહિલાઓ માટે સમાન વેતન, માતૃત્વ ભથ્થું, શ્રમ સુરક્ષા અને હિંદુ કોડ બીલ જેવા પ્રસ્તાવો તેમના પ્રગતિશીલ વિચારોને દર્શાવે છે. સંવિધાનમાં સમાવેશ, સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાની સુવિધાઓ, અસ્પૃશ્યતા નાબૂદી, અલ્પસંખ્યકોના અધિકારો, અનામત, લોકશાહી માળખું વગેરે આંબેડકરની સુદૃર દ્રષ્ટિનું પ્રતિબિંબ છે. સંવિધાન ‘લવચીક પણ મજબુત’ હોવાની તેમની વ્યાખ્યા તેમના શાસન-વિચારની ઊંડાણ દર્શાવે છે.

ડૉ. આંબેડકરજીએ સંવિધાન સભામાં ૧૯૪૯ની ૨૫મી નવેમ્બરે કરેલ ઉદબોધન ભલે ભારતને અને તે વખતના નેતૃત્વની માનસિકતાને નજર સમક્ષ રાખીને દિશાદર્શન કર્યું હોય, પણ વાસ્તવમાં ત્યારે વ્યક્ત થયેલા વિચારો એ વિશ્વના બધા જ લોકતાંત્રિક દેશો માટે સદા-સર્વદા દિશાદર્શનરૂપ છે. ૨૫ નવેમ્બર, ૧૯૪૯નું આ ઉદબોધન ઐતિહાસિક છે, કારણ કે એ ઉદબોધન સાથે આપણું સંવિધાન રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યું હતું. (ચૌહાણ, ૨૦૨૬, પૃ. ૪)

ડૉ. આંબેડકર પોતાના ઉત્તરાર્ધ ઉદબોધનમાં જણાવે છે કે અગાઉ જે રીતે ભારતમાં વિશ્વાસઘાતના કારણે ભારતે પોતાની સ્વતંત્રતા ગુમાવી હતી, શું ભારત આ ઈતિહાસને ફરીથી પુનરાવર્તિત કરશે. આ વિચાર તેઓને ચિંતાથી ભરી દેતો. આજે આપને જોઈએ છીએ કે ઘણી જાતિઓ અને પંથોને પોતાના દેશથી ઉપર રાખશે તો આપણી સ્વતંત્રતા બીજી વાર જોખમમાં મુકાવાની સંભાવના છે અને કદાચ તે હંમેશા માટે ખોવાઈ જશે. તેમનો બીજો વિચાર એ હતો કે શું ભારતના લોકો લોકતાંત્રિક બંધારણને જાળવી રાખવામાં સક્ષમ હશે? ભારતમાં અગાઉ પણ લોકતાંત્રિક વ્યવસ્થા હતી, તો શું તે બીજી વાર તેને ગુમાવી દેશે? ભારત જેવા દેશોમાં. જ્યાં

લોકશાહીનો ઉપયોગ નથી થતો, ત્યાં લોકશાહીનું સ્થાન તાનાશાહી લઇ લે તેવું પણ જોખમ છે. ઘણી એવી સંભાવનાઓ છે  કે, લોકતંત્ર પોતાનું રૂપ જાળવી રાખે, છતાં વાસ્તવમાં તાનાશાહીને સ્થાન આપી દે.

ભારત જેવા દેશમાં કોઈ વ્યક્તિની પૂજા કે જેને નાયક-પૂજા કહી શકાય તે લોકશાહીના પતન અને અંતતઃ તાનાશાહીનો નિશ્ચિત માર્ગ બની રહે છે.

તેમણે ‘એક માણસ એક વોટ’ અને ‘એક વોટ એક મુલ્ય’નો સિધ્ધાંત આપ્યો.

ડૉ. ભીમરાવ આંબેડકરનો પરિચય

ડૉ. આંબેડકર, જે વિરાટ વિલક્ષણ વિભૂતિના વિવિધઆયામી વ્યક્તિત્વના કેન્દ્રમાં પદ, પૈતૃક વારસો કે પૈસા ન હતાં, પરંતુ હતું એક માત્ર કર્તવ્ય – રાષ્ટ્રના સંપૂર્ણ સમાજની ભલાઈ.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશના મહુ કેન્ટોન્મેન્ટમાં થયો હતો. તેમણે મહારાષ્ટ્રના સતારામાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું અને બોમ્બેની એલ્ફિન્સ્ટન હાઇ સ્કૂલમાંથી માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું. તેમણે નોંધપાત્ર ભેદભાવનો સામનો કરીને શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું, કારણ કે તેઓ અનુસૂચિત જાતિ (તે સમયે 'અસ્પૃશ્ય' તરીકે ગણવામાં આવતા) ના હતા. તેમની આત્મકથા 'વેઇટિંગ ફોર અ વિઝા' માં, તેમણે યાદ કર્યું કે કેવી રીતે તેમને તેમની શાળામાં સામાન્ય પાણીના નળમાંથી પાણી પીવાની મંજૂરી નહોતી, જેમાં લખ્યું હતું, "નો પ્યુન, નો વોટર".

તેમણે ૧૯૧૨માં બોમ્બે યુનિવર્સીટીમાંથી અર્થશાસ્ત્ર અને રાજકીય વિજ્ઞાનમાં બી. એ. ની ડીગ્રી મેળવી. ત્યારબાદ ૧૯૧૩ માં તેમને બરોડાના મહારાજા દ્વારા કોલમ્બિયા યુનિવર્સીટીમાં એમ. એ. અને પી.એચ. ડી. કરવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી. ત્યારબાદ તેઓ કાયદાનો અભ્યાસ કરવા માટે લંડન ગયા. ભંડોળના અભાવે તેઓ ૧૯૧૭ માં ભારત પરત ફર્યા અને ૧૯૧૮ માં સીડનહામ કોલેજ, મુંબઈમાં રાજકીય અર્થતંત્રના પ્રોફેસર બન્યા. આ સમયે તેમણે સાર્વત્રિક પુખ્ત મતાધિકારની માંગણી કરતું નિવેદન રજુ કર્યું હતું.

૧૯૨૦માં, કોલ્હાપુરના છત્રપતિ સાહુજી મહારાજની નાણાંકીય સહાય અને મિત્ર પાસેથી વ્યક્તિગત લોન લઈને તેઓ પોતાનું શિક્ષણ પૂરું કરવા માટે લંડન પાછા ફર્યા. જ્યાં ૧૯૨૨માં તેઓ બેરિસ્ટર-એટ-લો બન્યા.

ભારત પાછા ફર્યા પછી તેમણે બહિસ્કૃત હિતકારીણી સભાની સ્થાપના કરી અને ૧૯૨૭માં મહાડ સત્યાગ્રહ જેવા સામાજિક અંદોલનનું નેતૃત્વ કર્યું. તે જ વર્ષે તેઓ બોમ્બે વિધાનસભા

પરિષદમાં નામાંકિત સભ્ય તરીકે પ્રવેશ્યા. ત્યારબાદ, ૧૯૨૮માં તેમણે ‘સાયમન કમીશન’ પર પોતાના વિચારો રજુ કર્યા, જેના પરિણામે ૧૯30-3૨ વચ્ચે ત્રણ ગોળમેજી પરિષદો યોજાઈ, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરને તેમના વિચારો રજુ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું.

૧૯૩૫માં તેમને મુંબઈની સરકારી કાયદા કોલેજના આચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, ત્યારબાદ તેમને વાઇસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં લેબર સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. ૧૯૪૬માં તેઓ બંધારણની સભામાં ચૂંટાયા. ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન તરીકે સપથ લીધા. ત્યારબાદ તેમણે બંધારણની મુસદ્દાની પ્રક્રિયાનું નેતૃત્વ કર્યું.

૧૯૫૨માં પહેલી સામાન્ય સભાની ચૂંટણી પછી તેઓ સજ્યસભાના સભ બન્યા. તે જ વર્ષે તેમને કોલંબિયા યુનિવર્સીટી તરફથી માનદ ડોકટરેટની ડીગ્રી એનાયત કરવામાં આવી. ૧૯૫૩માં, તેમને હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટી તરફથી બીજી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી.

લાંબી બીમારીને કારણે ૧૯૫૫માં ડૉ. આંબેડકરની તબિયત વધુ ખરાબ થઈ ગઈ. ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ દિલ્હીમાં ઊંઘમાં તેમનું અવસાન થયું.

## રાષ્ટ્રનિર્માણમાં આંબેડકરની નૈતિક દ્રષ્ટિ

બંધારણીય નૈતિકતા શબ્દ બ્રિટિશ વિચારક જ્યોર્જ ગ્રોટથી આવ્યો છે, પરંતુ ડૉ. આંબેડકરના અનુસાર બંધારણીય નૈતિકતા એ ચાર આધારસ્તંભો પર આધારિત છે:

1. **કાયદાનો માન અને રાજકીય પ્રક્રિયાઓનો સન્માન,**
2. **વ્યક્તિના અધિકારો અને સ્વતંત્રતાનું રક્ષણ,**
3. **સામાજિક સમાનતા અને ન્યાયનું પાલન,**
4. **બંધુત્વ અને માનવતાનો વિકાસ.**

આંબેડકર માનતા હતા કે કાગળ પર બંધારણ પૂરતું નથી, સમાજમાં નૈતિક મૂલ્યોનો વિકાસ જરૂરી છે જેથી બંધારણ કાર્યક્ષમ બને. બંધારણ એટલું જ સશકત હોય છે, જેટલા સશક્ત તેના અમલકર્તા હોય છે.

જો આપણે લોકતંત્રને ન માત્ર રૂપમાં, પણ તથ્યમાં પણ જાળવી રાખવા માંગતા હોય તો આપણા સામાજિક અને આર્થિક ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાના બંધારણીય ઉપાયોને દ્રઢતાથી પકડી રાખવા પડશે. ડૉ. આંબેડકરે એક એવા ભારતનું સ્વપ્ન જોયું હતું, જેમાં સમાજના તમામ વર્ગો

સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સશક્ત બને, એક એવું ભારત જ્યાં આપણી વસ્તીનો દરેક વર્ગ માને કે દેશના અને તેના ભવિષ્યમાં તેમનો સમાન હિસ્સો છે, એક એવું ભારત જ્યાં સામાજિક દરજ્જો જ્ઞાતિ અથવા આર્થિક દરજ્જા દ્વારા નહીં, પરંતુ વ્યકિતગત યોગ્યતા અને મુલ્ય દ્વારા નક્કી કરવામાં આવે. ડૉ. આંબેડકરનું વિઝન એક એવા ભારતનું હતું જ્યાં સામાજિક વ્યવસ્થા અને અર્થતંત્ર માનવ ક્ષમતાના સંપૂર્ણ વિકાસને મંજુરી આપશે અને તમામ નાગરિકો માટે ગૌરવપૂર્ણ અસ્તિત્વ સુનિશ્ચિત કરશે. તેઓ જણાવે છે કે આપણે ફક્ત રાજકીય લોકતંત્રથી સંતુષ્ટ ન થતાં, સામાજિક લોકતંત્ર અપનાવવાની જરૂર છે. જો તેમ કરવામાં ન આવે તો લોકતંત્રનું ઉદ્દેશ્ય નિષ્ફળ નીવડે છે. આથી જ તેઓએ બંધારણમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના સિદ્ધાંતો આપેલ છે. રાષ્ટ્રનિર્માણને ડૉ. આંબેડકર માત્ર રાજકીય પ્રોજેક્ટ તરીકે ન જોતા એક સામાજિક પરિવર્તનની પ્રક્રિયા તરીકે જોતા હતા.

હાલમાં આપણે અનુભવ કરી શકીએ છીએ કે ભારત દેશમાં સમાનતા અને બંધુતાની ઉપસ્થિતિ જોવા મળતો નથી. આ માટેના અનેક ઉદાહરણો આપણે આપણા રોજીંદા જીવનમાં જોઈ શકીએ છીએ. (ડૉ. બાબાસાહેબ આંબેડકરના અંતરમનની વાત.., 2026) સમાજનો એક મોટો વર્ગ, જેને દલિત ગણવામાં આવતો, તેમને પોતાના અધિકારોથી વંચિત રાખવાનો સૌથી મોટો અને જટિલ મુદ્દો એ સૌથી જટિલ પડકાર હતો, જેને ડૉ. બાબાસાહેબ આંબેડકરના અવિરત પ્રયાસો થકી તેનું નિવારણ બંધારણીય હક દ્વારા કરવામાં આવ્યું. અનામત નીતિ, સમાનતાના અધિકારો, અને કલ્યાણકારી રાજ્યનું માળખું વગેરે.. ડૉ. આંબેડકરની બંધારણીય નૈતિકતાના પ્રાયોગિક ઉદાહરણો છે. રૂઢિચુસ્ત જાતિવ્યવસ્થા, અસમાનતા અને અસ્પૃશ્યતા સામે તેમની આક્રમક લડત રાષ્ટ્રનિર્માણની નૈતિક દિશા નિર્ધારીત કરે છે. તેમના મતે રાષ્ટ્ર કેવળ “પ્રજાસત્તાક” હોવું પૂરતું નથી, પરંતુ તેમાં “સામાજિક લોકશાહી” હોવી જોઈએ, જેથી સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ ત્રણેય મૂલ્યોનું વાસ્તવિક અમલ થાય.

ભારતીય બંધારણના ભાગ-□□□ માં સ્વતંત્રતા, સમાનતા, અસ્પૃશ્યતા નાબૂદી અને ભેદભાવ વિરુદ્ધ સુરક્ષાની જોગવાઈઓ કરવામાં આવેલ છે, જે ડૉ. આંબેડકરની નૈતિક દ્રષ્ટિનું પ્રતિબિંબ છે. તેઓ માનતા હતા કે સામાજિક ન્યાય વગર લોકશાહી અને રાષ્ટ્રનિર્માણ બંને અધૂરૂં છે.

ડૉ. બાબા સાહેબ આંબેડકર “લોકશાહી”ને જીવનપદ્ધતિ તરીકે જોતા હતા. તેઓની નજરે લોકશાહી ત્યારે જ સફળ થાય, જ્યારે શાસકો સત્તાને સેવા તરીકે માને અને નાગરિકો પોતાની ફરજોનું પાલન કરે. તેમણે ચેતવણી આપી હતી કે નૈતિકતા વિનાની લોકશાહી ભ્રષ્ટાચાર,

અસમાનતા અને શોષણને જન્મ આપે છે. તેથી તેઓ લોકશાહી સંસ્થાઓ, જેમ કે ન્યાયતંત્ર, ચૂંટણી આયોગ, બંધારણીય પદાધિકારીઓ વગેરેને સ્વતંત્ર અને પારદર્શક રાખવાની જરૂરિયાત ઉપર ભાર મૂકે છે.

## આધુનિક ભારત માટે પ્રાસંગિકતા

આંબેડકરની બંધારણીય નૈતિકતાની કલ્પના આજના સમયમાં ખુબ જ મહત્વપૂર્ણ બની રહે છે. વધતા સામાજિક વિભાજન, રાજકીય ધ્રુવીકરણ અને અસમાનતા વચ્ચે ન્યાય, સમાનતા, જવાબદારી અને પારદર્શિતા જેવા બંધારણના નૈતિક મૂલ્યો એ બંધારણને જીવંત રાખતી શક્તિ છે. આંબેડકરના વિચારો દર્શાવે છે કે રાષ્ટ્રનિર્માણ એક સતત ચાલતી પ્રક્રિયા છે અને દરેક પેઢીને બંધારણીય નૈતિકતાને જીવંત રાખવાની ફરજ છે.

આજના સમયે અવારનવાર ઘણી એવી ઘટનાઓ ઘટી રહિ છે, જેનાથી લોકશાહીનું મુલ્ય ઓછું અંકાઈ રહ્યું હોય તેવું જણાય છે. ઘણીવાર બંધારણીય હકો અને અધિકારોનો દુરુપયોગ કરીને ગેરરીતી આચરવામાં આવી રહી છે, જેના પરિણામો રાષ્ટ્રનિર્માણમાં અડચણો ઉત્પન્ન કરતા હોય છે. આથી ડૉ. બાબા સાહેબ આંબેડકરના વૈચારિક મુલ્યોને અપનાવીને બંધારણીય નૈતિકતા અપનાવવું ખુબ જ જરૂરી બની રહે છે અને આમ કરવાથી જ રાષ્ટ્ર નિર્માણ કરી શકાય છે.

## સારાંશ

બંધારણીય નૈતિકતા અને રાષ્ટ્રનિર્માણ વિશે ડૉ. આંબેડકરના વિચારો ભારતને એક સમાનતાપૂર્ણ, સર્વસમાવેશક અને ન્યાયસભર રાષ્ટ્ર બનાવવા માટે માર્ગદર્શક છે. તેઓએ પ્રસ્થાપિત કરેલા સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને બંધુત્વ જેવા નૈતિક આધારસ્થંભો આજે પણ એટલા જ પ્રાસંગિક છે. ભારતના ભવિષ્ય માટે તેમની દ્રષ્ટિ એક નૈતિક પ્રકાશપુંજની જેમ કાર્ય કરે છે, જે બતાવે છે કે રાષ્ટ્રની સાચી શક્તિ તેની નૈતિક ચેતના અને સામાજિક સંવેદનામાં વસે છે.

## References


Ambedkar, B. R. (1935). *THE ANNIHILATION OF CASTE.* Retrieved from https://ccnmtl.columbia.edu/projects/mmt/ambedkar/web/readings/aoc_print_2004.pdf

Benny, H., & Laju, L. (2020). Doctrine of Constitutional Morality in the Context of. *International Journal of Legal Science and Innovation, 3*(2), 463-472. Retrieved 11 25, 2025

dodiya, R. s. (2018, 3). The Vision of Dr. Ambedkar on Building Nation through. *Online Journal of Multidisciplinary Subjects, 11*(4), 265-269. Retrieved 11 25, 2025

Naik, S. b., Nayak, S. B., & Rane, P. v. (2016, 10). DR. B. R. Ambedkar's vision of nation building. *International Journal of Multidisciplinary Research and Development, 3*(10), 17-18. Retrieved 11 25, 2025, from https://www.allsubjectjournal.com/assets/archives/2016/vol3issue10/3-10-42-348.pdf

ચૌહાણ, ભ. (૨૦૨૬, ૦૧ ૨૪). અંધકાર-અવરોધ-અસમંજસમાંથી ઉગારતો એક જ માર્ગ.. *સાધના, ૭૦*(૧૬). Retrieved ૦૨ ૨૫, ૨૦૨૬

ડૉ. બાબાસાહેબ આંબેડકરના અંતરમનની વાત.. (2026, 01 24). *સાધના, 70*(16), pp. 7-10. Retrieved 2 27, 2026

https://www.sci.gov.in/centenary-of-dr-b-r-ambedkars-enrolment-as-an-advocate/
Supreme Court of India

Ambedkar, B. R. (1936). *Annihilation of Caste*.